**ક્રિમિનલ કેસ નં.૮૬૬ /૨૦૨૫**

-// **આંક- ૧ ની અરજી લગત હુકમ** //-

પુરસીસ તેમજ કેસનુ રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે.પુરસીસ આપી ફરીયાદી તરફે કેસ વિથડ્રો કરવા માંગતા હોવાની રજુઆત કરેલ.

પુરસીસ સંદર્ભે ફરિયાદીને પુછતા તેમણે કેસ વિથડ્રો કરવા માંગતા હોવાની રજુઆત કરી છે. પુરસીસ સંદર્ભે રજુઆત સાંભળ્યા બાદ અદાલતને સંતોષ થતા પુરસીસને રેકર્ડનો ભાગ બનાવી આંક-૨૪ થી દાખલ કરી છે. આમ અહી ફરિયાદી જ પોતાનો કેસ વિથડ્રો કરવા માંગતા હોવાની રજુઆત કરવામાં આવી છે. ફરિયાદીની પુરસીસ સંદર્ભે કાયદાકીય જોગવાઈ તેમજ કેસનુ રેકર્ડ જોતા, આરોપી સામેનો કેસ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુના બદલ નોંધવામાં આવ્યો છે. આ કામે આરોપી પર આરોપવામાં આવેલો ગુનો સમન્સ ટ્રાયબલ પ્રકારનો છે. આ કેસ ખાનગી ફરીયાદના આધારે દાખલ થયો છે. હવે બી.એન.એસ.એસ.-૨૮૦ મુજબ જો ફરિયાદી, અદાલતને સંતોષ થાય તો તેવી રીતે સાબીત કરી શકે કે ફરીયાદ પાછી ખેંચવા માટે પુરતા કારણો છે તો અદાલત આરોપી કે પોતાની વિરુધ્ધની ફરીયાદ પાછી ખેંચવાની પરવાનગી આપી શકે.અહી ફરિયાદી જ સ્વેચ્છાએ આંક-૨૪ થી વિડ્રો પુરસીસ આપેલ છે,જેથી ફરીયાદી સદર ફરીયાદ આગળ ચલાવવા માંગતા ન હોઈ,પોતે સદર ફરિયાદ પાછી ખેંચવા માંગતા હોઈ ફરીયાદ પાછી ખેંચવાની પરવાનગી આપવી ન્યાયોચિત છે. આથી ફરીયાદીને ફરીયાદ પાછી ખેંચવાની પરવાનગી આપી, કેસ વિથડ્રો થી ફેસલ ગણવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૮મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

**તા. ૧૮/૦૭/૨૦૨૬**
**સ્થળ:ધનસુરા.**

**(અર્પિત એ. જાની)**
**જયુડી.મેજી.ફ.ક.,**
**અરવલ્લી (ધનસુરા).**
**(કોડ નં. જીજે૦૧૬૪૪)**